# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્‌જ્ઞાન અભ્યાસક્રમ

2024

દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૯

ફેબ્રુઆરી

ગુણાંક ૧૦૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ચારિત્ર ગુણ ની વૃદ્ધિ અને શુદ્ધિ ............................ કરવા થી થાય છે.
૨. જે કર્મ ના ઉદય થી બધાનેજ અળખામણો થાય છે તે.................. કર્મ છે.
૩. યજ્ઞ રુપી .......................... યજમાન શીઘ્રતા થી સ્વર્ગલોક માં જાય છે.
૪. ગંગા અને સિંધુ નદીઓ લઘુ હિમવંત ની ઉપર ....................... માંથી નિકળે છે.
૫. પ્રભુએ બતાવેલા ઉપાયો માં એક ઉપાય...................... હતો.
૬. શ્રુત સાગર માં એના ............................ મરજીવા બની ડુબકી મારે એને શ્રુતસાગર માં થી રત્નો મળે.
૭. તપ વિશિષ્ટતા .................... નો ભેદ છે.
૮. અસદ્ માર્ગ થી આત્મા ને ......................... પાછો વાળે છે.
૯. વૈતાઢ્ય સાથે ઐરાવત ક્ષેત્ર ને ........................ નદીઓ છ ખંડ માં વિભાજીત કરે છે.
૧૦. શય્યા સંથારા ને પ્રમાર્જ્યા ન હોય અથવા જેમ તેમ પ્રમાર્જ્યા હોય તો............... અતિચાર જાણવો.
૧૧. .................... કર્મ ના ઉદય થી નિરોગી યુવાન હોવા છતાં બળ ફોરવવાનું મન ન થાય.
૧૨. મેતાર્ય સ્વભાવ થી ............................... હતા.
૧૩. સામાયિક માં અક્ષર, પદ અશુદ્ધ બોલીએ તે ................. અતિચાર જાણવો.
૧૪. ધનાશેઠ ના ધર્મોપદેશ થી ....................... બોધ પામતો નથી.
૧૫. શ્રી અજીતનાથ અને શાંતિનાથ બન્ને ....................... ના વિસ્તાર વાળા છે.
૧૬. પશ્ચિમ મહાવિદેહ માં થઈ ને ........................ પશ્ચિમ તરફ લવણ સમુદ્રને મળે છે.
૧૭. .......................... નામકર્મ ના ઉદય થી જીવ પોતાના શરીર ના અવયવો થી પોતે જ દુઃખી થાય.
૧૮. અશુદ્ધ પૌષધ કરવા થી જે ............................ થવી જોઇએ એ થતી નથી.
૧૯. ખાંસી, છીંક આદિ દ્વારા બીજા ને પોતા નું ધારેલું કાર્ય કરવા માટે તેડાવે તે ....................... અતિચાર જાણવો.
૨૦. સંથુયા અજિય સંતિપાયયા, હુંતુ મે ...................... દાયયા.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. સ્વાધ્યાય સાંભળવા થી કોને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયુ ?
૨. લાભ વિશિષ્ટતા એ શેનુ ભેદ છે ?
૩. સીતા નદી પોતા ના પ્રપાત માં પડી કયા ક્ષેત્ર માં થી વહે છે ?
૪. સામાયિક માં કયા પાપ નું "મિચ્છામિ દુક્કડં" દેવા થી છૂટિયે ?
૫. વેદ પદ નો ખોટો અર્થ કરતા મેતાર્ય ને શેના વિષે શંકા થઇ ?
૬. શ્રી અજીતનાથ ભ. તથા શાંતિનાથ ભ. કયા સુખ થી ખેદ રહિત છે ?
૭. સામાયિક વ્રતદ્વારા શેમાં પ્રવેશ થાય છે ?
૮. મધ્ય ક્ષેત્ર માં કયા ક્ષેત્ર નું સમાવેશ થાય છે ?
૯. જીભ, પાપણ આ અવયવો ની પ્રાપ્તિ કયા કર્મ થી થાય છે ?
૧૦. ભક્તિ રહિત થઇ સામાયિક કરે એ કયો દોષ છે ?
૧૧. શ્રાવક અને સાધુ સ્વાધ્યાય કયારે કરે ?
૧૨. પૌષધાર્થી શેની સૂત્રણા કરે તો અતિચાર લાગે ?
૧૩. મેતાર્ય ગણધર ના પિતા ની નગરી કઇ હતી ?
૧૪. શ્રી અજીનાથ અને શાંતિનાથ ભ. શેમાં શ્રેષ્ઠ હતા ?
૧૫. આખા શરીર માં વ્યાપ્ત વિષ ને અંગુલી ના એક ભાગ માં કોણ આણી રાખે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) પેસવણ ૨) અવિહિય ૩) જલણે ૪) મોએઉ ૫) ગચ્છતિ ૬) જિટ્ઠા ૭) પત્તેઅં ૮) જઇ ૯) વિદુહા
૧૦) પરમેણ ૧૧) સલિલા ૧૨) નીઅં ૧૩) અહિમાઇ ૧૪) સત્થિય ૧૫) વિઉલં ૧૬) ગુણિયા ૧૭) તસા
૧૮) લંબિગા ૧૯) ઝુણી ૨૦) સોહિયા

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B |
|---|---|
| ૧) પદ્મ | ૧) પ્રક્ષેપ |
| ૨) કાંબલા | ૨) યજમાન |
| ૩) અનુષ્ઠાન | ૩) તપ |
| ૪) ઉષ્ણ | ૪) વત્સ |
| ૫) કુવચન | ૫) દિગ્ગજ |
| ૬) પુદ્ગલ | ૬) પ્રપાત |
| ૭) મંદરગિરી | ૭) રક્ત |
| ૮) યજ્ઞ | ૮) સંથારક |
| ૯) શ્રુત | ૯) નિરતિચાર |
| ૧૦) નીલવંત | ૧૦) કલહ |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. સામાયિક ના પચ્ચખાણ ના ભાંગા માં કેટલા નિયમ આવે છે ?
૨. કર્મ વિજ્ઞાન ની કેટલામી ગાથા માં આદેય નામકર્મ નો ઉલેખ છે ?
૩. સોળ વિજયો ની બત્રીસ નદીઓ ને પ્રત્યેક ને કેટલો પરિવાર છે ?
૪. મેતાર્ય ગણધર નો ચારિત્ર પર્યાય કેટલા વર્ષ નો હતો ?
૫. દેશાવગાસિક વ્રત માં પ્રતિક્રમણ સાથે કેટલા સામાયિક કરવાનાં હોય છે ?
૬. આશી વિષ ધરનાર સર્પ ને મંત્રવાદી કેટલા યોજન પ્રમાણ દેશ માં આણી રાખે ?
૭. ઉચ્ચ ગોત્ર કર્મ ના ભેદ કેટલા ?
૮. મધ્ય ક્ષેત્ર માં નદીઓ ની સંખ્યા કેટલી ?
૯. અહોરાત્રિ પૌષધ કેટલા પહોર નો હોય છે ?
૧૦. સામાયિક માં કેટલા દોષ લાગવાની સંભાવના હોય છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. જે જીવે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી છે તે કરણ પર્યાપ્ત છે.
૨. ઉપાશ્રય થી નિકળતી વખતે નિસ્સહી ન કહી હોય તો પૌષધ માં અતિચાર લાગે.
૩. અજીતનાથ ભ. અને શાંતિનાથ ભ. ના તપ થી સર્વ ના પાપ ટળયાં છે.
૪. ગંગા અને સિંધૂ બન્ને નદીઓ ને માર્ગ માં નાની, નાની ચૌદ સહસ્ત્ર નદીઓ મળે છે.
૫. જે કર્મ ના ઉદય થી દાંત, હાડકાદિ અવયવ ની પ્રાપ્તિ થાય તે સ્થિર નામ કર્મ છે.
૬. ક્રોધરુપી અગ્નિ થી ગ્રહાયેલો પુરુષ ક્રોડ વર્ષ ના કરેલા સકૃત ને ઘડી માત્ર માં બાળી નાખે છે.
૭. સામાયિક એ બે ઘડી નું સાધુપણું છે.
૮. રુપાનુપાત અતિચાર દેશાવગાશિક વ્રત માં આવે છે.
૯. વરુણા દેવી એ આશ્લેષા નક્ષત્ર ના શુભયોગ માં તેજસ્વી બાળક ને જન્મ આપ્યો.
૧૦. રકતા અને રકતવતી નદીઓ નિષધ સાથે ઐરાવત ક્ષેત્ર ને છ ખંડ માં વિભાજીત કરે છે.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. પૌષધ માં પૂર્વે કરેલા સાવધ કર્મ અથવા વ્યાપાર નું સ્મરણ કર્યુ હોય.
૨. સામાયિક ને શુદ્ધ કરવા સામાયિક ના અતિચાર અને દોષો ને જાણવા જાઈએ.
૩. તેમના ગુણો ને સાંભળનારી આ સભા પણ મારી ઉપર પ્રસાદ કરો.
૪. સર્વ ઉપભોગ ની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ એનો ઉપભોગ ન કરી શકે.
૫. આપણી પાસે જે ચીજ હોય તે કોઇ નિમિત્ત થી બીજે ઠેકાણે મોકલાવી આપે.
૬. પ્રત્યેક વિજય ની બે મુખ્ય નદીઓ છે તે રક્તા અને રક્તવતી ના નામે ઓળખાય છે.
૭. પરલોક ની સત્તા અને અસ્તિત્વ તેઓ માનવા તૈયાર ન હોતા.
૮. એક દેશ નો અવકાશ એટલે ગમના ગમન ની છૂટ રાખી ને શેષ રહેલો પ્રદેશ તે પુનરપિ નિયમ માં લેવો.
૯. બાદર એટલે ચક્ષુગ્રાહ્ય (આંખો થી જોઈ શકાય એવા ) શરીરવાળો.
૧૦. સર્વ લોક ના હિતકારી મોક્ષ ના મૂળરુપ જ્ઞાન દર્શન અને ચારિત્ર ને પમાડનારા.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. સામાયિક વ્રત
૨. ગોત્ર કર્મ
૩. પૌષધ ધર્મ ની આરાધના
૪. સીતા અને સીતોદા નદીઓ નું વર્ણન
૫. મેતાર્ય ગણધર ની શંકા અને પ્રભુ નું સમાધાન

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com